**પ્રધાનમંત્રી G20 શિખર સંમેલન 2025 દરમિયાન ઇટાલીના પ્રધાનમંત્રીને મળ્યા (23 નવેમ્બર, 2025)**

23 નવેમ્બર, 2025

ભારતના માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે દક્ષિણ આફ્રિકાના જોહાન્સબર્ગમાં G20 શિખર સંમેલન દરમિયાન ઇટાલી ગણરાજ્યના પ્રધાનમંત્રી મહામહિમ સુશ્રી જ્યોર્જિયા મેલોની સાથે મુલાકાત કરી હતી. બંને નેતાઓએ આ વર્ષે જૂનમાં કેનેડાના કાનાનાસ્કિસમાં G7 શિખર સંમેલન દરમિયાન સંક્ષિપ્ત વાતચીત કરી હતી.

2. પ્રધાનમંત્રી મેલોનીએ દિલ્હીમાં થયેલી આતંકવાદી ઘટના પર ભારત સાથે એકતા વ્યક્ત કરી હતી અને આતંકવાદના સંકટનો સામનો કરવા માટે સાથે મળીને કામ કરવાની ઇટાલીની દૃઢ પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. આ સંદર્ભમાં, બંને નેતાઓએ આતંકવાદને મળતા ભંડોળના વિરોધમાં 'ભારત-ઇટાલી સંયુક્ત પહેલ' અપનાવી હતી. આ પહેલનો હેતુ આતંકવાદનો સામનો કરવા પર દ્વિપક્ષીય સહયોગને વધુ ગાઢ બનાવવાનો અને ફાઇનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF) અને ગ્લોબલ કાઉન્ટર-ટેરરિઝમ ફોરમ (GCTF) સહિતના વૈશ્વિક અને બહુપક્ષીય મંચો પર સહયોગ કરવાનો છે.

3. નેતાઓએ વેપાર અને રોકાણ, સંરક્ષણ, સુરક્ષા, અવકાશ, વિજ્ઞાન અને ટેક્નોલોજી, શિક્ષણ અને લોકોથી લોકોના પરસ્પર સંબંધો જેવા ક્ષેત્રોમાં દ્વિપક્ષીય વ્યૂહાત્મક ભાગીદારીમાં થયેલા વિકાસની સમીક્ષા કરી અને તેનું સકારાત્મક મૂલ્યાંકન કર્યું હતું. બંને નેતાઓએ સંયુક્ત વ્યૂહાત્મક કાર્ય યોજના 2025-29 ની પ્રગતિ પર સંતોષ વ્યક્ત કર્યો હતો.

4. બંને નેતાઓએ આ વર્ષે નવી દિલ્હી અને બ્રેસિયામાં આયોજિત બે વ્યાપાર મંચોનું સ્વાગત કર્યું, જેમાં સંબંધિત ઉદ્યોગોની મજબૂત ભાગીદારી જોવા મળી હતી. નેતાઓએ બંને અર્થતંત્રોની સ્પર્ધાત્મકતા વધારવા અને મજબૂત પુરવઠા શૃંખલાનું નિર્માણ કરવાના હેતુથી વ્યવસાય, ટેક્નોલોજી, નવીનતા અને રોકાણ ભાગીદારીને વધારવા માટે ચાલી રહેલા પ્રયાસોની નોંધ લીધી હતી.

5. બંને નેતાઓએ ઇટાલિયન અવકાશ પ્રતિનિધિમંડળની તાજેતરની ભારત મુલાકાતની પ્રશંસા કરી હતી, જે સરકારી તેમજ ખાનગી ક્ષેત્ર બંને સ્તરે આ ક્ષેત્રમાં સહયોગ વધારશે.

6. પ્રધાનમંત્રી મેલોનીએ પરસ્પર લાભદાયી ભારત-EU મુક્ત વેપાર કરારના સમાપન માટે તેમજ 2026 માં ભારત દ્વારા આયોજિત થનારા AI પ્રભાવ શિખર સંમેલનની સફળતા માટે ઇટાલીના મજબૂત સમર્થનનો પુનરોચ્ચાર કર્યો હતો.

7. આ મુલાકાતે બંને દેશો વચ્ચે નિયમિત ઉચ્ચ-સ્તરીય સંવાદની પરંપરાને પુનઃપુષ્ટિ આપી. બંને નેતાઓએ તેમનો સંવાદ ચાલુ રાખવા અને લોકશાહી, કાયદાના શાસન અને સાતત્યપૂર્ણ વિકાસના તેમના સહિયારા મૂલ્યોને જાળવી રાખવા માટે બહુપક્ષીય તેમજ વૈશ્વિક મંચો પર સાથે મળીને કામ કરવાની આશા વ્યક્ત કરી હતી.

જોહાન્સબર્ગ

23 નવેમ્બર, 2025